# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

**************************************************

1) નવી દિલ્હી ખાતે યોજાયેલી ગોળમેજી પરિષદમાં ભારત અને સિંગાપોરે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના સંકલ્પની પુનઃપુષ્ટિ કરી
2) અનેરા ઉત્સાહ સાથે દેશભરમાં નાગરિકો દ્વારા તિરંગા યાત્રા યોજાઇ રહી છે.
3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 79મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ થનારા રાષ્ટ્રજોગનું સંબોધન સાંજે 7 વાગ્યાથી આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત થશે
4) મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરના મતે ભારતીય નિકાસ પર યુએસ ટેરિફની અસર ટૂંકા ગાળાની રહેશે
5) ભારતીય ઓલિમ્પિક સંગઠને 2030માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારતની દાવેદારીને ઔપચારિક મંજૂરી આપી

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA-SINGAPORE STRETEGIC PARTNERSHIP

ભારત અને સિંગાપોર વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે, બંને દેશોની ત્રીજી મંત્રીસ્તરીય ગોળમેજ બેઠક (આઈએસએમઆર) આજે નવી દિલ્હીમાં યોજાઈ હતી. બેઠકમાં, બંને દેશોએ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના તેમના સંકલ્પની પુનઃપુષ્ટિ કરી. આ દરમિયાન, સરકાર અને ઉદ્યોગ વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો.

ભારત તરફથી, વિદેશ મંત્રી એસ જયશંકર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ, ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બેઠકમાં ભાગ લીધો હતો. બીજી તરફ, નાયબ પ્રધાનમંત્રી ગમ કિન યોંગ, રાષ્ટ્રીય સુરક્ષા અને ગૃહ બાબતોના સંકલન મંત્રી કે. શન્મુગમ સહીતના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

આ બેઠક અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, મંત્રીઓએ આઈએસએમઆર ના છ સ્તંભો- ડિજિટલાઇઝેશન, કૌશલ્ય વિકાસ, ટકાઉપણું, આરોગ્યસંભાળ, કનેક્ટિવિટી અને અદ્યતન ઉત્પાદન હેઠળ ભારત અને સિંગાપોર વચ્ચે દ્વિપક્ષીય સહયોગ અંગે ચર્ચા કરી હતી. તે જ સમયે, વિદેશ મંત્રી એસ. જયશંકરે એક્સ પર જણાવ્યું હતું કે, સરકાર અને ઉદ્યોગ વચ્ચેનો તાલમેલ બંને દેશો વચ્ચેના સંબંધોના આગામી તબક્કાને ખોલવાની ચાવી છે.

. . . . . . . . . . . . . .

# PREZ SINGAPORE DELEGATION

સિંગાપોરના નાયબ પ્રધાનમંત્રી અને વેપાર અને વાણિજ્ય પ્રધાન ગાન કિમ યોંગના નેતૃત્વમાં સિંગાપોરના મંત્રી સ્તરના પ્રતિનિધિમંડળે આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા. તેમણે આ વર્ષની શરૂઆતમાં ભારત-સિંગાપોર દ્વિપક્ષીય સંબંધોની સ્થાપનાની 60મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રપતિ થરમન ષણમુગરત્નમની રાજ્ય મુલાકાતને યાદ કરી. તેમણે કહ્યું કે ઉચ્ચ સ્તરે આવી નિયમિત વાતચીત બહુપક્ષીય સંબંધોને સતત ગતિ આપશે. પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ આતંકવાદ સામે સિંગાપોરના મજબૂત વલણની રાષ્ટ્રપતિ મુર્મુએ પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે તે સંતોષની વાત છે કે ભાગીદારી હવે કૌશલ્ય, ગ્રીન ઇકોનોમી અને ફિનટેક જેવા સહકારના ઉભરતા ક્ષેત્રોમાં પણ વિસ્તરી રહી છે.

. . . . . . . . . . . . . . .

## HAR GHAR TIRANGA

રાષ્ટ્રવ્યાપી હરઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ત્રિરંગો ફરકાવી અને લોકોને સંપૂર્ણ ઉત્સાહ અને દેશભક્તિ સાથે હર ઘર તિરંગા અભિયાનમાં ભાગ લેવા અપીલ કરી.

(બાઇટ : શિવરાજ સિંહ ચૌહાણ )

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ ઝારખંડના કોડરમા જિલ્લામાં તેમના નિવાસસ્થાને ત્રિરંગો ફરકાવ્યો હતો. આ તકે મંત્રીએ કહ્યું કે, રાષ્ટ્રધ્વજ આપણા દેશના લોકો માટે એકતા, અખંડિતતા અને ગૌરવનું પ્રતીક છે.

નાગાલેંડમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા વિશાળ બાઇક રેલીનું આયોજન કરાયું. આ બાઇક રેલીમાં 2 મહિલા સહિત 300 થી વધુ રાઈડર્સ જોડાયા હતા.

ગોવામાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા કુનકોલીન પોલીસના સહયોગથી ત્રિરંગા યાત્રા યોજાઇ હતી. જેમાં નાગરિકોને આજથી 15 ઓગસ્ટ દરમિયાન તેમના ઘર તેમજ દુકાન અને ઓફિસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા અપીલ કરાઇ હતી.

જમ્મુ અને કશ્મીરના કઠુઆમાં કેન્દ્રિય મંત્રી જીતેન્દ્ર સિંહના નેતૃત્વમાં ત્રિરંગા યાત્રા યોજાઇ હતી. આ દરમિયાન શ્રી સિંહે સ્વતંત્રતા સેનાની ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને શ્રદ્ધાંજલી આપી હતી.

સાથે જ ત્રિપુરાના અગરતલામાં ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળના લલિત કલા અકાદમીના ઉત્તર પૂર્વ પ્રાદેશિક કેન્દ્ર દ્વારા આ અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ત્રિપુરા અને ઉત્તર પૂર્વ ક્ષેત્રના 45 જેટલા સ્વાતંત્ર્ય સેનાનીઓની અર્ધ કદની પ્રતિમા મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ તકે તેઓને શ્રદ્ધાંજલી પણ આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## 79TH INDEPENDENCE CELEBRATION

શુક્રવારે દેશનો 79મો સ્વતંત્રતા દિવસ પૂરા ઉત્સાહ અને દેશભક્તિના ઉત્સાહ સાથે ઉજવવા માટે દેશ સજ્જ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15મી ઓગષ્ટે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. તેઓ રાષ્ટ્રધ્વજ ફરકાવશે અને પ્રતિષ્ઠિત સ્મારકના પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધન કરશે.

આ પ્રસંગે 28 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 210 પંચાયત નેતાઓ શુક્રવારે નવી દિલ્હીમાં ખાસ મહેમાનો તરીકે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ એક અહેવાલ,,

(વોઇસ કાસ્ટ – અમન)

. . . . . . . . . . . . . . .

## PREZ- ADDRESS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે ૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન સાંજે ૭ વાગ્યાથી આકાશવાણીના સમગ્ર રાષ્ટ્રીય નેટવર્ક પર પ્રસારિત થશે અને દૂરદર્શનની બધી ચેનલો પર હિન્દીમાં અને ત્યારબાદ અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે.

દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનનું પ્રસારણ દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી રાત્રે ૯:30 વાગ્યે તેના સંબંધિત પ્રાદેશિક નેટવર્ક પર પ્રાદેશિક ભાષાના સંસ્કરણોનું પ્રસારણ કરશે.

. . . . . . . . . . . . . . .

## CEO-TARRIFS

મુખ્ય આર્થિક સલાહકાર (CEA) વી. અનંત નાગેશ્વરને આજે જણાવ્યું હતું કે ભારતીય નિકાસ પર તાજેતરના યુએસ ટેરિફની અસર ટૂંકા ગાળાની રહેશે તેમણે ઉમેર્યું હતું કે આ અસર એક કે બે ક્વાર્ટરમાં ઓછી થશે. મુંબઈમાં બોલતા, તેમણે નોંધ્યું હતું કે રત્નો અને ઝવેરાત, ઝીંગા અને કાપડ જેવા ક્ષેત્રો શરૂઆતના નુકસાનનો સામનો કરી રહ્યા છે, પરંતુ અર્થતંત્ર પર લાંબા ગાળાની અસર મર્યાદિત રહેશે. ધીરજ રાખવાની વિનંતી કરતા, તેમણે ભાર મૂક્યો કે સરકાર પરિસ્થિતિથી વાકેફ છે અને અસરગ્રસ્ત ક્ષેત્રો સાથે વાતચીત શરૂ કરી દીધી છે.

. . . . . . . . . . . . . . .

## IOA - CWG

ભારતીય ઓલિમ્પિક સંગઠન, આઈઓએએ આજે દિલ્હીમાં તેની વિશેષ સામાન્ય સભામાં 2030માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે ભારતની દાવેદારીને ઔપચારિક રીતે મંજૂરી આપી હતી. ભારત હવે

31મી ઓગસ્ટની સમયમર્યાદા પહેલાં અંતિમ બોલી માટે પોતાનો પ્રસ્તાવ રજૂ કરશે. વર્ષ 2030 નવી દિલ્હીમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સના 20 વર્ષ પૂરા કરશે. આ પ્રથમ અને એકમાત્ર પ્રસંગ હતો જ્યારે ભારતે રમતોનું આયોજન કર્યું હતું.

. . . . . . . . . . . . . .

## NETWORK PLANNING GROUP

નેટવર્ક પ્લાનિંગ ગ્રુપે આજે નવી દિલ્હીમાં તેમની 98મી બેઠકમાં રેલ્વે, રોડ, લોજિસ્ટિક્સ અને ટેક્સટાઇલ ક્ષેત્રના સાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન કર્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે પીએમ ગતિશક્તિ હેઠળની આ પહેલનો ઉદ્દેશ્ય લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા, મુસાફરીનો સમય ઘટાડવા અને સામાજિક-આર્થિક લાભો પહોંચાડવાનો છે.

રેલ્વે મંત્રાલયે છત્તીસગઢ, મહારાષ્ટ્ર, બિહાર અને તમિલનાડુમાં રેલ્વે લાઇન યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે. દરમિયાન, માર્ગ પરિવહન અને હાઇવે મંત્રાલયે મધ્યપ્રદેશ અને હૈદરાબાદમાં વિકાસ માટે એક પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. ત્યારબાદ, કાપડ મંત્રાલયે મધ્યપ્રદેશ અને તમિલનાડુમાં પણ વિકાસનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

. . . . . . . . . . . . . .

## STOCKS CLOSE

વૈશ્વિક બજારોમાં સકારાત્મક વલણના પગલે સ્થાનિક બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો આજે ઊંચા સ્તરે બંધ થયા હતા.. સ્થાનિક છૂટક ફુગાવામાં ઘટાડો થવાને કારણે 30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ 304 પોઈન્ટ જ્યારે NSE નિફ્ટી દિવસના અંતે 132 પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યાં હતાં.. મિડકેપ સ્મોલકેપ ઇન્ડેક્સ પણ વધારા સાથે બંધ રહ્યાં હતાં.

. . . . . . . . . . . . . .

# UIDAI

ભારતના યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટીએ મંગળવારે ભારતીય આંકડાકીય સંસ્થા સાથે સંયુક્ત સંશોધન અને વિકાસ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ડેટા-આધારિત નવીનતાઓ દ્વારા આધાર કામગીરીની મજબૂતાઈ, સુરક્ષા અને વિશ્વસનીયતા વધારવાના આશય સાથે આ કરાર કરાયાં છે.

આ કરાર પાંચ વર્ષના સમયગાળા માટે અસરકારક રહેશે અને તેમાં છેતરપિંડી અને વિસંગતતા શોધ, બાયોમેટ્રિક સક્રિયકરણ શોધ સાધનોનો વિકાસ, ઉચ્ચ-જોખમ નોંધણી/અપડેટ શ્રેણીઓની ઓળખ, બાયોમેટ્રિક મેચિંગ અલ્ગોરિધમ્સમાં સુધારા અને પરસ્પર નિર્ણય મુજબ અન્ય પ્રાથમિકતા ક્ષેત્રોને આવરી લેવામાં આવશે.

. . . . . . . . . . . . . .